# સમસ્ત શ્રીગૌડ સમાજનું મુખપત્ર

## શ્રીગૌડ જાગૃતિ



॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ॥

**તંત્રી મંડળ**

પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય
જીજ્ઞેશ બી. પંડિત
યોગેશ કે. શુકલ
ભરત એસ. શુકલ
કૌશિક એચ. પાઠક

અંક - ઓક્ટો-નવે ૨૦૧૫

પ્રમુખ : અનિલ એસ. દવે    તંત્રી : ભાવિન આર. શુકલ    સંપાદક : હસિત એચ. પાઠક


## તંત્રી સ્થાનેથી

સૌ પ્રથમ તો નવા શરુ થયેલા વિક્રમ સંવત - ૨૦૭૨ ના નૂતન વર્ષના સૌને શ્રીગૌડ જાગૃતિના તંત્રી મંડળના સભ્યો તરફથી નૂતન વર્ષાભિનંદન.

ઉદય અને અસ્ત બંન્ને શાશ્વત ચાલતી રહેતી પ્રક્રિયા તો છે જ પણ બંન્ને ક્યારેય કાયમ હોતી નથી. નવા દિવસનો સૂર્યોદય સદાય ઉત્સાહ અને શક્તિ સંચાર કરનારો બની રહેતો હોય છે. બરાબર એજ રીતે આપણા શ્રીગૌડ સમાજના નવા વરાયેલા હોદ્દેદારો અને તેમાં ય પ્રમુખશ્રી અનિલભાઈ દવેનો અદમ્ય ઉત્સાહ ખરેખર પ્રશંસનીય રહ્યો છે. નવી કારોબારીના પદગ્રહણને ગણતરીનો સમય વીત્યો છે ત્યાં તો પ્રમુખશ્રી દ્વારા યોજાયેલા ત્રણથી ચાર કાર્યક્રમો તેમના અદમ્ય ઉત્સાહની સૌને પ્રતીતિ કરાવે છે.

પણ મિત્રો, તાળી હંમેશા બે હાથે જ વાગે છે. માન. પ્રમુખશ્રી અનિલભાઈ દવે તથા શ્રીગૌડ સમાજની યુવા ટીમ દ્વારા આગામી સમયમાં જીવન સાથી પસંદગી સંમેલન, શ્રીગૌડ સમાજ મહિલા પાંખ તથા યુવા પાંખ વગેરેની રચના અંગેની કાર્યવાહીમાં આપણે પણ આપણા પરીચીતોને તે અંગેનો લાભ મળે અને આપણે સ્વયં પોતાના અંગેની વિગતો સમાજને સમયસર પહોંચતી થાય તે માટેની કાળજી રાખીએ તે પણ એટલું જ અગત્યનું બની રહેશે.

સુજ્ઞ જ્ઞાતિજનોને...

- સમાજ દ્વારા આ અંકમાં ડિરેક્ટરી માટેનું ફોર્મ પ્રકાશિત કરવામાં આવેલ છે. જેની વિગતો ચોકસાઈપૂર્વક ભરીને તે ફોર્મ સમાજના કાર્યાલય શ્રી કિરણભાઈ દવે, ચંદ્રપ્રકાશ સોસાયટી, ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે ખાતે સવેળા મોકલી આપવા આગ્રહભરી વિનંતી.
- સમાજ દ્વારા યુવા પાંખ અને મહિલા પાંખના નવા સભ્યોની નોંધણી કરાવવા વિનંતી.
- આપના કુટુંબમાં બનતા સારા-માઠા પ્રસંગો, લગ્નની એનિવર્સરી, બર્થ-ડે, અભ્યાસ, ઈતર પ્રવૃત્તિ, કાર્યક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિઓ અંગે શ્રીગૌડ જાગૃતિને જણાવશો તો અમને આનંદ થશે અને અન્ય લોકોને માહિતી મળતા આપણે સૌ પરસ્પર ઉપયોગી થઈ પડીશું અસ્તુ.

ભાવિન શુક્લ - તંત્રી

---

## જ્ઞાતિના પૂર્વ પ્રમુખશ્રી હરિપ્રસાદભાઈ એમ. જોષી દ્વારા આ અંકનું પ્રકાશન-સૌજન્ય.

જ્ઞાતિના તત્કાલીન પ્રમુખ માન. શ્રી હરિપ્રસાદભાઈ એમ. જોષી દ્વારા લુણાવાડા ખાતે તેમના દ્વારા યોજવામાં આવેલ શ્રીગૌડ સમાજની કારોબારીની મિટિંગ દરમ્યાન તેઓશ્રીની જાહેરાત પ્રમાણે શ્રીગૌડ જાગૃતિના આ અંકનું પ્રકાશન સૌજન્ય (સ્પોન્સરશીપ) પ્રાપ્ત થયેલ છે. આ પૂર્વે તેઓશ્રીએ ઓગષ્ટ-૧૫ ના અંકમાં પણ પોતાની સ્પોન્સરશીપ આપેલી હતી આ પ્રસંગે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા તેમનો આભાર માનવામાં આવે છે.

૭/૫ ૬/૧૮૮

## પ્રમુખ સ્થાનેથી

**સમસ્ત શ્રી પરિવારોને મારા તરફથી અને મારા સાથીઓ તરફથી નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન**

નૂતન વર્ષ આપ સૌના માટે સુખદાયી, ફળદાયી દરેક પ્રકારના સુખથી હર્યું ભર્યું રહે તેવી ઈશ્વરને મંગળ પ્રાર્થના કરું છું.

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતમાં હવે એક નવી ચમક આવી છે. બધા ઉત્સાહી છે. અને સમાજના હોદ્દેદારો અને કારોબારીના સભ્યો કાર્યરત રહે તેવી સૌની અપેક્ષા છે. આપે રાખેલી અપેક્ષાઓમાં અમે મોટાભાગની અપેક્ષાઓને ફળીભૂત કરવા ભગીરથ પ્રયત્નો ચાલુ પણ કર્યા છે.

હિન્દુસ્તાનની આઝાદી થી અને ગુજરાત સમાજ, મુંબઈ સમાજથી અલગ થયો ત્યારબાદ આપણા સમાજે નવરાત્રીનો મહોત્સવ ઉજવ્યો ન હતો પરંતુ અમોએ આ વર્ષે નવરાત્રી પર્વમાં એક દિવસ ગરબાનો કાર્યક્રમ સ્પર્ધા સાથે રાખ્યો હતો. ટ્રેડીશનલ ડ્રેસ ફરજીયાત હતો. લગભગ ૪૦૦ વ્યક્તિઓની સંખ્યા થઈ હતી.

ઉન્નતિ હાઈસ્કુલના સહકારથી સ્કુલના પટાંગણમાં મહોત્સવ ઉજવાયો. યુવાન-યુવતીઓ, બાળકોને ઈનામો પણ આપ્યા. આપણા સમાજના ઉપપ્રમુખ ડૉ. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાયને સ્પર્ધામાં સ્પેશ્યલ ઈનામ આપવામાં આવ્યું. સમાજની દરેક વ્યક્તિઓએ ગરબા કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો. ખૂબ જ મજા આવી આ એક પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમ અમારો સફળ રહ્યો. સમાજના ફંડનો ઉપયોગ કર્યા વગર અમોએ આ કાર્યક્રમ સ્પોન્સર કરેલો.

સમાજની પ્રગતિનો દર ઉંચો લાવવા માટે અમારી પ્રથમ કારોબારી મિટિંગ ૫૦ જેટલા હાજર સભ્યોની પ્રાઈડ હોટલમાં આયોજીત કરવામાં આવેલી - સભ્યોનો આંકડો ખુદ એક વિક્રમ છે. પાંચ કલાકની મિટિંગમાં અનેક ઠરાવો સર્વાનુમતે પસાર કરીને સૌએ સમાજની પ્રગતિમાં ખભે ખભા મીલાવી કામ શરૂ કરવાનો નિર્ણયલીધો.

સમાજની સર્વાંગી પ્રગતિ થાય તે માટે અનેક કમિટિઓની રચના કરવામાં આવી અને તે કમિટિમાં અનુભવથી સભર એવી વ્યક્તિઓને પણ સ્થાન આપવામાં આવ્યું. મુખ્યત્વે સમાજમાં આજીવન સભ્યોની નોંધણી થાય તે માટે એક સ્પશ્યલ કમિટિની રચના કરવામાં આવી, જે કમિટિના સભ્યોને હાકલ કરવામાં આવી કે ગુજરાતના ખૂણે ખૂણે જઈ પરિવારોને સમજાવી આપણા સમાજના કાયમી ધોરણે સભ્યો બનાવવા. શિક્ષણ પાંખ પણ શરૂ કરવામાં આવી કે જે વિવિધ પ્રકારના કોર્સ ચલાવી આજના યુવાનને ધંધાલક્ષી, વ્યવસાયલક્ષી જ્ઞાન પીરસી શકે. યોગના શિબિરો કરવા અંગ્રેજી હિન્દી અને ફ્રેન્ચ ભાષા માટે યુવાન-યુવતીઓને પ્રોત્સાહિત કરી તેઓનેભાષાનું જ્ઞાન આપવુ. નબળા પરિવારો માટે શૈક્ષણિક ફંડ એકત્રિત કરવા ભરપૂર પ્રયત્ન કરવા અને ફંડની કાયમી ધોરણે જોગવાઈ કરવી.

વિવિધ પ્રવૃત્તિઓ ટૂંક સમયમાં શરૂ થઈ જશે. સમાજનું યોવનધન એ સમાજની જીવાદોરી છે તેથી સમાજમાં યુવા પાંખ અને મહિલા પાંખનુ ગઠન કરવામાં આવશે જેઓના માધ્યમથી અનેક પ્રકારના સાંસ્કૃતિક અને વિકાસલક્ષી કાર્યક્રમોની જાહેરાત કરામાં આવશે અને નિયમિત ધોરણે યૌવનધન ધબકતુ રહેશે.

આગામી દિવસોમાં પાછલા ત્રણ વર્ષમાં જે વિદ્યાર્થીઓ અવ્વલ નંબરે ઉત્તીર્ણ થયા છે તેઓને નિયત કરેલી શાખાઓના દાતાશ્રીઓ દ્વારા જાહેરાત કરવામાં આવેલ સુવર્ણચંદ્રકનું વિતરણ કરવા માટે એક સમારંભ રાખવામાં આવશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પરિવારો પૂરા ગુજરાતમાં પથરાયેલા છે. સમસ્ત શ્રીગૌડ સમાજની પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે તેમજ મિત્ર અને બંધુત્વની ભાવના વધે તથા આપણા સૌ પરિવારોથી નજીક

આવીએ તે હેતુને લઈ સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાતનું એક અધિવેશન પણ અમદાવાદ ખાતે બોલાવવા માટે આયોજન કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં તારીખ અને સ્થળની પણ જાહેરાત કરવામાં આવશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના નેજા હેઠળ ફેબ્રુઆરી માસમાં તા. ૨૧મી ના રોજ જીવનસાથી પસંદગી સંમેલન નું પણ આયોજન કરવામાં આવેલ છે. અનેકવિધ પ્રવૃત્તિઓ સમય અને સંજોગોને લક્ષમાં લઈને આયોજીત કરવામાં આવશે. સમાજના દરેક પરિવારો બંધુત્વની ભાવના કેળવી દરેક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે માટેની કાળજી લેવામાં આવશે.

અમારી કારોબારીની મિટિંગ પણ અમો ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ આયોજીત કરીએ છીએ. આગામી મિટિંગ અમોએ તા. ૨૭-મી ડિસેમ્બરના રોજ રાજકોટ મુકામે રાખેલ છે. અલગ અલગ જગ્યાએ મિટિંગ રાખવાનો હેતુ સમસ્ત શ્રીગૌડ સમાજના અલગ અલગ શહેરોમાં રહેતા પરિવારોમાં એકસૂત્રતા જળવાઈ રહે અને સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થાય અને સર્વેને સમાજની હુંફ મળી રહે તેવી આશા સાથે રાખવામાં આવેલ છે.

યુવા પાંખ અને મહિલા પાંખની પણ નવેસરથી સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે બંધારણમાં પણ જરૂરી ફેરફાર કરવામાં આવશે અને સમસ્ત શ્રીગૌડ સમાજના સભ્યોને વિશ્વાસમાં લઈ, મિટિંગ બોલાવી નવા બંધારણની રચના થશે. હાલમા બંધારણને સુધારવામાટે એક સ્પેશયલ કમિટિનું ગઠન પણ કર્યું છે.

સમાજની દિશા બદલાઈ છે. દશા બદલાઈ છે જેનાથીઆપ સૌ મહિતગાર છો.

આપ સૌ અમારી સાથે રહી અમોને સાથ અને સહકાર આપતા રહો તે જ અમારો વિજય છે.

આગામી મહિનાઓમાં ફેબ્રુઆરી માસ બાદ અને ધુળેટીના તહેવાર બાદ શહેરા મુકામે બ્રાહ્મણપંચ શહેરાના નેજા હેઠળ સમુહ જનોઈ (યજ્ઞોપવિત) ધારણ કરવાનો પણ કાર્યક્રમ નક્કી કરેલ છે. જેની તારીખ પણ નિયત થયે આપ સૌને જાગૃતિ ના માધ્યમથી જણાવવામાં આવશે. આપ સૌને ફરીથી એક વાર નવા વર્ષના અભિનંદન પાઠવું છું.

**અનિલ એસ. દવે - પ્રમુખ**
**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

## હોટલ પ્રાઈડ ખાતે ઉપસ્થિત



તંત્રી મંડળના સભ્યો



કારોબારી મંડળના સભ્યો .

## મંત્રીશ્રીનો અહેવાલ

સુજ્ઞ જ્ઞાતિજનો - વડીલો

નવા શરુ થયેલા વિક્રમ સંવત - ૨૦૭૨ ના વર્ષના સૌ શ્રી બંધુઓને મારા તથા સમસ્ત કારોબારી વતીથી નૂતન વર્ષાભિનંદન. નવુ વર્ષ આપ સૌને લાભ દાયક-સુખદાયક તથા પ્રગતિ કારક બની રહે.

**પ્રથમ કારોબારીની મિટિંગ**

રવિવાર તા. ૧૧-૧૦-૧૫ના રોજ સમાજના પ્રમુખશ્રી અનિલભાઈ એસ. દવેના સ્નેહભર્યા સૌજન્યથી સમાજની રાજ્ય સ્તરની કારોબારીની પ્રથમ મિટિંગનું આયોજન પ્રાઈડ હૉટલ જજીસબંગલા પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે સવારે ૧૧-૦૦ વાગ્યે કરવામાં આવ્યું હતું.

અત્યંત ઉલ્લાસપૂર્ણ અને સ્નેહસભર વાતાવરણમાં ગુજરાતભરમાંથી ઉપસ્થિત રહેલા કારોબારીના ૫૦ જેટલા સભ્યો, વિવિધ ઘટક / ગોળના પ્રમુખ મંત્રીશ્રીઓ, તથા વિશેષ નિમંત્રિત શ્રીગૌડ જાગૃતિના તંત્રી - સંપાદક પણ હાજર રહ્યા હતા. સૌ પ્રથમ ચૂંટણી અધિકારી અને સમાજના ભૂતપુર્વ ઉપ પ્રમુખ એવા વડીલ શ્રી ડૉ. અનંતરાય આર. શુક્લ દ્વારા સભાનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં તેઓશ્રીએ સમાજના વિવિધ કારોબારી સભ્યોના નામોની જાહેરાત કરી હતી. જે અનુસાર દરેક સભ્યે મંચ પર ઉપસ્થિત રહી પોતાનો ટૂંકો પરિચય બાકીના સભ્યોને આપ્યો હતો. જે દરમિયાન અવારનવાર થતા તાળીઓના ગડગડાટથી સભ્યોનો ઉત્સાહ વ્યક્ત થતો જોઈ શકાતો હતો.

પરિચય વિધિ બાદ ભોજન પછીના મિટિંગના સત્રમાં પ્રમુખ શ્રી દ્વારા વિવિધ સમિતિઓની રચના અને તે અંગેની જાહેરાત કરવામાં આવી હતી જેમાં કુલ ૮ સમિતિઓની રચના અને તેઓને કાર્ય વિશેની વહેંચણી કરવામાં આવી હતી. વિવિધ સમિતિઓના સભ્યોના નામ અંગેની વિગતો આ જ અંકમાં અન્યત્ર પ્રકાશિત થયેલી છે.

સમાજને પ્રેરક બને તેવી એક ઘટનામાં મિટિંગમાં ઉપસ્થિત એવા કારોબારી સભ્યો તરફથી સમાજને જાગૃતિ નિભાવ ફંડમાં પ્રતિ સભ્ય દીઠ રૂા. ૫૦૦૦ના દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી જે બદલ ગૌરવ અને આભારની લાગણી અનુભવાય છે.

**નવરાત્રી મહોત્સવ**

સમાજના ઉપક્રમે નવરાત્રિ મહોત્સવ દરમિયાન જ્ઞાતિજનો દ્વારા 'ખેલૈયાના સંગે' ના નામે ઉન્નતિ વિદ્યાલય, પાલડીના મેદાનમાં તા. ૨૪-૧૦-૨૦૧૫ના રોજ રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની વ્યવસ્થા તથા ઈનામો સહિતનો સંપૂર્ણ ખર્ચ જ્ઞાતિના પ્રમુખશ્રી અનિલભાઈ એસ. દવે દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે... ઓરકેસ્ટ્રાના કલાકારો દ્વારા સતત ત્રણ કલાક સુધી અનુપમ સૂરોની સુરાવલિઓ સાથે લોકપ્રિય સંગીત સાથે જ્ઞાતિજનો ગરબે ઘૂમ્યા હતા. જેમાં માત્ર અમદાવાદ જ નહિ પણ ગાંધીનગર, વડોદરા સહિતના વિવિધ સ્થળોએથી ઉપસ્થિત રહેલા શ્રીબંધુઓની ઉપસ્થિતિ ઉડીને આંખે વળગતી હતી.

મધ્યાંતરમાં ફાફડા-જલેબી-વેફર અને ચા-કોફીનો રસાસ્વાદ સૌએ સાથે મળીને માણ્યા બાદ ફરીથી એકવાર સંગીતની સુરાવલિઓ સાથે ગરબામાં પ્રવૃત્ત થયા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં યુવાનો અને બહેનો ઉપરાંત સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ એસ. દવે, ઉપપ્રમુખ શ્રી ડૉ. બંસીભાઈ એન. ઉપાધ્યાય અને સમાજનામંત્રી શ્રી કૌશિકભાઈનો પ્રસંગને માણવાનો

અદમ્ય ઉત્સાહ અને સૌએ માનેલો આનંદ અવર્ણનીય હતો.

કાર્યક્રમના અંતે નિર્ણાયકગણ તરફથી પસંદ કરેલા ખેલૈયાઓને સમાજના પ્રમુખશ્રી અનિલભાઈ દવેના સૌજન્યથી તેઓના હસ્તે ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સહુથી નોંધનીય અને ઉત્સાહ પ્રેરક બાબત એ હતી કે ગરબાનામેદાનમાં મૂકવામાં આવેલા સ્પોન્સરશીપ બેનરો દ્વારા થયેલી આવક એ માત્ર રૂપિયા પૈસામાં જ નહિ પણ સમાજને કંઈક આપવાની ભાવના દર્શાવતી હતી જે ખરેખર આપણા સમાજ માટે પ્રશંસનીય બાબત છે.

**કારોબારીની દ્વિતીય મિટિંગ**

નવા વર્ષના પ્રથમ રવિવારે જ્ઞાતિના પૂર્વ પ્રમુખ અને સ્નેહી એવા માન. શ્રી હરિપ્રસાદભાઈ એમ. જોષીના સ્નેહભર્યા આમંત્રણને માન આપીને સૌ કારોબારી સભ્યો તેમજ સ્થાનિક જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં કારોબારીની મિટિંગ તથા નવા વર્ષના સ્નેહમિલનનું આયોજન લુણાવાડા ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલી કારોબારીની મિટિંગમાં અગાઉની મિટિંગમાં સોંપાયેલી કામગીરીમાં થયેલી પ્રગતિ અંગે સભ્યો દ્વારા પ્રમુખશ્રીને અહેવાલ આપવામાં આવ્યો હતો.

આ મિટિંગમાં જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ એસ. શુક્લ (અમદાવાદ)નો શ્રીગૌડ જાગૃતિના તંત્રી મંડળમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સમાજના પ્રમુખશ્રી તરફથી આગામી સમયમાં આયોજિત થનાર જીવનસાથી પસંદગી સંમેલન અંગેની રજૂઆત તથા તે અંગેની કામગીરી, વિવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા અંગેની કાર્યવાહીની તથા જ્ઞાતિના વધુમાં વધુ કુટુંબોના સભ્યો સમાજના સભ્યો તરીકે રજીસ્ટર થાય અને તેમના વિશેની માહિતી અન્ય સભ્યોને મળે તે માટે મેમ્બરસીપ ડ્રાઈવ અંગેની માહિતી રજૂ કરવામાં આવી હતી.

બપોર બાદ લુણાવાડાની નજીક મધવાસ ખાતે આવેલા આપણા કુળદેવી શ્રીમહાલક્ષ્મી માતાના જાણીતા મંદિરની સૌએ મુલાકાત લીધી હતી. જ્યાં ઉપ્રમુખ શ્રી પંકજભાઈ શુક્લ તરફથી સૌને ચા-નાસ્તો તથા અન્ય વ્યવસ્થાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કૌશિક પાઠક અને શ્રી જયંતભાઈ જોષી - મંત્રીઓ

## જ્ઞાતિ દ્વારા ઉજવાયેલો ગરબા મહોત્સવ




## સમાચાર સંચય

## કાંકણપુર મુકામે શ્રી હરસિધ્ધિ માતાજીનો પાટોત્સવ તથા નવચંડી

આપણા સૌના પ્રિય એવા કાંકણપુર મુકામે જાળેશ્વર મંદિર ખાતે સ્થિત દવે કુટુંબના કુળદેવી શ્રી હરિસિદ્ધિ માતાજીના મંદિરનો ૧૧મો પાટોત્સવ તા. ૨૬-૧૦-૨૦૧૫ના રોજ ધામ-ધુમથી ઉજવાયો જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે છેલ્લા ઘણા સમયથી આયોજન સહિતની તમામ જવાબદારી સંભાળતા શ્રી અશ્વિનભાઈ કે. દવેના સ્નેહભર્યા નિમંત્રણને માન આપીને અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ સહિતના વિવિધ સ્થળોએથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે આ પ્રસંગે નવચંડીના યજમાન તરીકે શ્રી ડૉ. કમલેશભાઈ એસ. શુક્લ (ઈસનપુર-અમદાવાદ) તથા હેમન પંકજભાઈ પુરોહિત (સેવાલીયા) બિરાજ્યા હતા.

જાળેશ્વર મહાદેવ મંદિરના સૌ ભક્તોને આનંદ થાય તેવા સમાચારમાં મંદિરના વિકાસ તથા નવનિર્માણ માટે સૌ જ્ઞાતિજનો તરફથી મંદિરની આસપાસની જગ્યા વેચાણ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે જ્યાં ખૂબ જ ટૂંકા સમયમાં મંદિરનું વિકાસ કાર્ય હાથ ધરાશે.

### ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ એસ. શુક્લનો શ્રીગૌડ જાગૃતિ તંત્રી મંડળમાં સમાવેશ

લુણાવાડા ખાતે યોજાયેલ સમાજની કારોબારીની મિટિંગ દ્વારા લેવાયેલા અગત્યના નિર્ણયમાં જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ શશીકાન્ત શુક્લનો શ્રીગૌડ જાગૃતિ તંત્રી મંડળમાં સમાવશે કરવામાં આવ્યો છે. શ્રી ભરતભાઈને અભિનંદન.

### તાજેતર ની ચુંટણીમાં

(૧) પિનાકીન મુકેશભાઈ શુક્લ (વિરપુર) મહીસાગર જીલ્લા પંચાયતમાં તથા (૨) નીતિનકુમાર પાઠક (કકુલભાઈ) તથા (૩) ગૌરીબેન જોષી ગોધરા નગરપાલીકામાં પ્રચંડ બહુમતીથી ચુંટાઈ આવેલ છે. સમાજ તરફથી વિજેતાઓને હાર્દિક અભિનંદન તથા ઉજ્જવલ કારકીર્દી માટે શુભેચ્છા.

### શરદોત્સવ ઉજવણી શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરા.

શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરા દ્વારા શરદોત્સવ ઉજવણી નિમિત્તે ગરબા તથા ગીત-સંગીતનો એક કાર્યક્રમ તા. ૩૧-૧૦-૨૦૧૫ને શનિવાર ના રોજ સાંજે ૫-૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, કારેલીબાગ, વડોદરા ખાતે યોજવામાં આવ્યો હતો. સાંજે ૫.૦૦ થી ૬.૦૦ રજીસ્ટ્રેશન તથા ચહા. નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે ૬.૦૦ થી ૮.૦૦ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ ખૂબ વિશાળ સંખ્યામાં હાજર રહી ખૂબ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો જુદી જુદી કેટેગરી (વિભાગ) માં પ્રથમ તથા દ્વિતીય આવેલ સ્પર્ધાકોને મંડળના સભ્ય શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી જીતેન્દ્ર ત્રિવેદી તથા ભારતીબેન પંડ્યા તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. રાત્રે ૮.૦૦ થી ૧૦.૩૦ સુધી મેલડી મેકર્સ ગ્રુપના શ્રી અતુલભાઈ પંડ્યા આરતીબેન પંડ્યા, ભવદીપભાઈ તથા તેઓની સમગ્ર ટીમ દ્વારા ગીત-સંગીતનો અદ્‌ભુત કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની સાથે મંડળ દ્વારા દૂધ-પૌઆ, બટાકાવડા તથા જલેબી ના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખશ્રી રજનીભાઈ જોશી, ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ ઉપાધ્યાય, મંત્રી શ્રી આશિષ પાઠક, ખજાનચી શ્રી મહેશભાઈ જોશી, જતીનભાઈ ઉપાધ્યાય તથા સૌ કારોબારી સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં સમસ્ત શ્રીગૌડ સમાજ, અમદાવાદના ઉપ્રમુખશ્રી હરીન્દ્રભાઈ પાઠક તથા શ્રી કનકભાઈ પાઠક અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રી શ્રી આશિષભાઈ પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું.

# સમસ્ત શ્રીગૌડ સમાજ યુવક-મહિલા મંડળમાં સભ્ય થવા માટેનું ફોર્મ

અટક સાથે પુરુ નામ : ______________________

સરનામું : ______________________

______________________

જન્મ તારીખ : ____________ પરણિત/અપરણિત : ____________

અભ્યાસ : ____________ વ્યવસાય / સર્વીસ / ઈતરપ્રકાર : ____________

પક્ષ : ____________ વતન : ____________

મો.નં. ____________ ઘરનો નંબર : ____________

ઓફીસનો નંબર ____________ ઈ-મેઈલ આઈડી : ____________

સ્કૂલ કક્ષાએ કે કોલેજ કક્ષાએ કરેલી પ્રવૃત્તિઓ : ______________________

(ટૂંકાણમાં જણાવો) સમાજ ને કઈ રીતે મદદરુપ થઈ શકો તેમ છો ? ____________

______________________

સાંસ્કૃતિક કે અન્ય સંસ્થા સાથે સંલગ્ન હો તો તેની માહીતી ______________________

______________________

..............................

સભ્ય ની સહી

ઉપરોક્ત ફોર્મમાં વિગતો ભરીને ફક્ત પંદર દિવસમાં ફોર્મ સમાજની ઓફીસના સરનામે મોકલી આપશો. જેથી અમુક સંખ્યા બાદ યુવા તેમજ મહિલા પાંખનું ગઠન કરી માળખું બનાવવામાં આવશે. યુવા પાંખ દ્વારા તેમજ મહિલા પાંખ દ્વારા જે સભ્ય ફી નક્કી કરવામાં આવશે તે દરેક સભ્યોએ વાર્ષિક સભ્ય ફી ભરીને પહોંચ મેળવી લેવાની રહેશે.

॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમ: ॥ Reg. No.: A/3352/Ahmedabad



# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

કાર્યાલય : ૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩, જુની પાઈલોટ ડેરી રોડ, કાંકરિયા, અમદાવાદ.

અનિલ એસ. દવે, પ્રમુખ — કૌશિકભાઈ પાઠક, મંત્રી — કનકભાઈ પાઠક, કન્વીનર

તા. / /૨૦૧૫

## પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન

**પ્રવેશ ફોર્મ**

☐ યુવક / યુવતી ☐ ફોર્મ નંબર :

ઉમેદવારનું પુરૂ નામ : ____________________

પિતાનું પુરૂ નામ : ____________________

સરનામું : ____________________

____________________

પીનકોડ ________ મોબાઈલ નં.: ________ ફોન નં.: ________

જન્મ તારીખ ________ જન્મ સમય : ________ જન્મ સ્થળ : ________

અભ્યાસ : ____________________

અપરિણિત / છુટાછેડા / વિધવા-વિધુર: ________ વ્યવસાય : ________ માસિક આવક : ________

સંસ્થાનું નામ : ________ હોદ્દો : ________

પેટાજ્ઞાતિ : ________ મૂળ વતન : ________ ગોત્ર : ________

ઉંચાઈ : ________ વજન : ________ કુંડળીમાં શનિ / મંગળ : ________

નાડી : ________ નક્ષત્ર ચરણ સાથે : ________ ગણ : ________

ચશ્મા છે કે નથી : ________ ખોડખાંપણ : ________

કૌટુંબિક માહિતી : ભાઈ : ________ બહેન : ________

ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો.

બીજો ફોટો પાછળ નામ તથા ફોર્મ નંબર લખીને સ્ટેપલર પીન મારીને લગાવવો.

લગ્ન

________________

વાલીની/ઉમેદવારની સહી

**રોકડા/ચેક/ડ્રાફ્ટ નં.......................... તા. ..........................નો .............................. બેંકનો મળેલ છે.**

**નાણાં લેનારનું નામ :.......................................................................... તા. ..............................**

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## સુચના

ફોર્મ નંબર :-

૧. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા આયોજીત આ પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન તમામ જ્ઞાતીના બ્રાહ્મણો માટે છે.
૨. ઉમેદવાર ની નોંધણી ફી, પુસ્તિકા ફી, બે વાલી સહિત ભોજન તથા ચ્હા સાથેની ફુલ ફી રૂા. ૫૦૦/- રાખેલ છે.
૩. એક વ્યક્તિના બીજા સંતાન માટે વધારાના રૂ.૩૦૦/- છે.
૪. નોધણી ફીનો ચેક / ડ્રાફ્ટ **"સમસ્ત શ્રીગૌડ સમાજ"** ના નામનો પેયેબલ એટ અમદાવાદ મોકલવો.
૫. આ સંમેલન **તા. ૨૧-૦૨-૨૦૧૬ ને રવિવાર સવારે ૯ કલાકે ઉન્નતિ વિદ્યાલય, મહાલક્ષ્મી ચાર રસ્તા પેટ્રોલ પંપ સામે, પાલડી, અમદાવાદ ખાતે રાખેલ છે.**
૬. ફોર્મમાં સંપૂર્ણ માહિતી સુડોળ અને સ્વચ્છ અક્ષરોમાં ભરવી, છાપકામની ભૂલમાં સમાજની જવાબદારી રહેશે નહી.
૭. પરિચય પુસ્તીકામાં જણાવેલી માહીતીની ચકાસણી જે તે ઉમેદવાર / વાલીએ જાતે કરવાની રહેશે, સમાજની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.
૮. સવારના ચા-નાસ્તાનો સમય ૧૧.૦૦ સુધીનો જ રહેશે જેની નોંધ લેશોજી.
૯. ફોર્મ મોકલવાની છેલ્લી **તા. ૦૫-૦૨-૨૦૧૬** છે ત્યારબાદ કોઈના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
૧૦. પ્રવેશ ફોર્મ પાછળ જણાવેલ સ્થળ ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલવાના રહેશે.
૧૧. ઉમેદવારે પોતાનો પરિચય આપવાનો રહેશે જ. (૧૨.) જે ઉમેદવાર પોતાની વિગત હાઈલાઈટ કરવા માંગતા હોય તેમણે રૂા. ૩૦૦/- વધારાના આપવાના રહેશે.
૧૩. ઉમેદવાર પોતાની વિગત એડવર્ટાઈઝ રૂપે આપી શકશે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## પાવતી

શ્રી ____________________ તરફથી પ્રથમ જીવનસાથી સંમેલનની પ્રવેશ ફીના રૂા. ________

રોકડા/ચેક/ડ્રાફ્ટ નં. .......................... તા ........................ નો બેંકનો ........................................... મળેલ છે.

નાણાં લેનારનું નામ ................................................ નાણાં લેનારની સહી ........................ તા. ..................

**ફોર્મ નીચેના સરનામે મોકલવા**


**અનિલ એસ. દવે - પ્રમુખ**
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
બી-૫, ૬ ગ્રીન વિલા બંગ્લોઝ,
સીમ્સ હોસ્પીટલ રોડ, સાયન્સ સીટી,
અમદાવાદ. મો.: ૯૮૨૫૩૪૬૪૭૦

**કૌશિકભાઈ પાઠક - મંત્રી**
એ-૧, ઉદય ફ્લેટ, નીરવ ફ્લેટની સામે,
શાંતિવન, નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ-૭.
મો.: ૯૦૯૯૯૦૫૬૨૧

**કનકભાઈ પાઠક - કન્વીનર**
૩૦૩, દેવ આશિષ ફ્લેટ,
નાનુભાઈ સર્કલ, દેવ કોમ્પલેક્ષ પાછળ,
ગૌત્રી મેઈન રોડ, વડોદરા.
મો.: ૯૬૦૧૦૦૧૧૧૯

**દક્ષેશભાઈ પુરોહીત**
૧૯, કાશીન્દ્રા સોસાયટી, દેવભૂમી નગર ૧, પરિમલ વિદ્યાલય પાસે,
વલ્લભ પાર્ક, ડિ કેબીન, સાબરમતી, અમદાવાદ-૧૯. મો.: ૯૮૭૯૭૧૦૦૮૯

**પુષ્પેશભાઈ કે. પાઠક**
વીરૂ મેડીકેર, જી-૧૦, જ્યદિપ ટાવર, શ્રેયસ રેલ્વે ક્રોસિંગ પાસે,
ધરણીધર દેરાસર પાસે, પાલડી, અમદાવાદ-૭. મો.: ૯૮૨૪૦૨૩૫૫૪


**ફોર્મ મેળવવા માટે સંપર્ક નંબર**

| નામ | સ્થળ | ફોન / મોબાઈલ | નામ | સ્થળ | ફોન / મોબાઈલ |
|---|---|---|---|---|---|
| શ્રી રાજેન્દ્રભાઈ દવે | અમદાવાદ | ૯૮૯૮૦૮૮૫૪૩ | શ્રી જીજ્ઞેશભાઈ પાઠક | શહેરા | ૯૪૦૮૭૬૪૮૫૬ |
| શ્રી જયંતભાઈ જોષી | ગાંધીનગર | ૯૬૦૧૯૯૫૫૬૭ | શ્રીમતી તરલીકાબેન શુક્લ | લુણાવાડ | ૯૪૨૭૬૧૯૫૨૧ |
| શ્રી જીજ્ઞેશભાઈ પંડિત | અમદાવાદ | ૯૦૯૯૦૨૯૦૭૯ | શ્રી જનકભાઈ પાઠક | લુણાવાડા | ૯૪૦૮૭૬૪૮૫૬ |
| શ્રીમતી અમીતાબેન એમ. શુક્લ | અમદાવાદ | ૯૯૨૫૦૧૩૨૭૨ | શ્રી મહેશભાઈ ભટ્ટ | લુણાવાડા | ૯૪૨૮૫૫૦૩૬૦ |
| મીતુ શુક્લ | વડોદરા | ૦૨૬૫-૨૯૭૯૧૪૧ | શ્રી તેજલભાઈ પંડ્યા | નડીયાદ | ૯૪૨૭૫૪૮૪૯૧ |
| શ્રી અશોકભાઈ ઉપાધ્યાય | વડોદરા | ૯૮૭૯૭૫૨૫૧૯ | શ્રી જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય | સેવાલીયા | ૯૮૨૪૧૬૮૧૧૭ |
| શ્રી કિરીટભાઈ આર. દવે | વડોદરા | ૯૯૭૯૮૭૯૬૭૨ | શ્રી પરીમલભાઈ ડી. પાઠક | ગોધરા | ૯૪૨૬૫૯૫૦૦૧ |
| શ્રી કેતનભાઈ ત્રિવેદી | ઉમરેઠ | ૯૮૨૪૪૦૪૨૬૬ | શ્રી વિનાયકભાઈ શુક્લ | ગોધરા | ૯૪૨૮૭૮૧૯૯૯ |
| શ્રી દિપકભાઈ શુક્લ | મુંબઈ | ૦૯૮૭૦૧૪૦૫૩૦ | શ્રી જ્યેશભાઈ ભટ્ટ | રાજકોટ | ૯૯૦૯૯૨૫૫૧૪ |
| શ્રી સર્વાંગભાઈ જોષી | ખંભાત | ૯૮૭૯૮૯૩૧૦૧ | શ્રી નિરંજનભાઈ શુક્લ | સુરત | ૮૯૮૦૧૪૪૬૫૫ |
| શ્રી દિલીપભાઈ પાઠક | ભરૂચ | ૯૪૨૭૧૧૦૪૯૩ | | | |

## શ્રીગૌડ જાગૃતિના પૂર્વ તંત્રી શ્રી રાજેન્દ્રભાઈ દવેનો આભાર



'શ્રીગૌડ જાગૃતિ' સામાયિકના તંત્રી તરીકે લાંબો સમય કાર્યભાર સંભાળનાર તથા પ્રકાશનમાં ખુબ જ ઓતપ્રોત રહેલા માન. વડીલ શ્રી રાજેન્દ્રભાઈ દવેનો આ તબક્કે તંત્રી મંડળ તરફથી તથા સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી હૃદયપૂર્વકનો આભાર માનવામાં આવે છે તથા તેમનો સહકાર અને અમૂલ્ય માર્ગદર્શન અમોને કાયમ મળતું રહેશે તેવી અપેક્ષા.

## "બ્રહ્મર્ષિ રત્ન" સન્માનીત



શ્રીગૌડ જાગૃતિ તંત્રી મંડળની હાલની ટીમના વરિષ્ઠ સભ્યતથા ઉપપ્રમુખશ્રી એવા માન.શ્રી.પ્રિ. ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય(વાઈસ ચાન્સેલર યોગ યુનિ. અમદાવાદ) નું વૃંદાવન ખાતે આયોજીત કાર્યક્રમમાં "બ્રહ્મર્ષિ રત્ન" ના બિરૂદથી બહુમાન કરવામાં આવેલ છે. તેઓને મળેલું સન્માન એ ખરેખર તો આપણા સમગ્ર સમાજ માટે ગર્વ તથા ગૌરવની ઘટના છે. આ પ્રસંગે તેમને વંદન સહીત ખૂબ ખૂબ અભિનંદન.

# હોટલ પ્રાઈડ ખાતે નિમાયેલ વિવિધ સમિતી

**બંધારણ કમીટી :-**

કન્વિનર શ્રી પ્રી. ડૉ. શ્રી બંસીધરભાઈ એન. ઉપાધ્યાય શ્રી દિલિપભાઈ એન. પાઠક બીધનભાઈ દવે, હરિન્દ્રભાઈ પાઠક, પરિમલ ડી. પાઠક, જીજ્ઞેશભાઈ એસ. પાઠક શ્રી ઉદયભાઈ એસ. શાસ્ત્રી, શ્રી કુમુદચંદ્ર દવે શ્રી હરિપ્રસાદભાઈ જોષી, શ્રી રાજેન્દ્રભાઈ દવે

**મેમ્બરશીપ કમીટી :-**

કન્વિનર-થી રાજેન્દ્રભાઈ એન. દવે નીતીનભાઈ વી. જોષી અશોકભાઈ ઉપાધ્યાય, જીતેશભાઈ પંડીત, દિલીપભાઈ વાય. પાઠક સર્વાંગ જોષી, ધ્રુવભાઈ શુક્લ, નિરંજનભાઈ શુક્લ પાઠક, જયેશભાઈ ભટ્ટ, દેક્ષેશભાઈ પુરોહિત, પુષ્પેશભાઈ પાઠક પરિમલ હી. પાઠક આશીષ ડી. પાઠક જનકભાઈ પાઠક, યોગેશ કે. શુક્લ, રાહુલ આર. શુક્લ, દિલીપ એન પાઠક, પ્રવિણભાઈ વિ. પુરોહિત પ્રદિપભાઈ આર. જોષી

**ભવન :-**

કન્વિનર શ્રી ભરતભાઈ એસ. શુક્લ મિલીંદભાઈ પુરોહિત કમલેશભાઈ પાઠક, શૈલેષભાઈ જોષી, ચીરાગભાઈ શાસ્ત્રી, ખંજનભાઈ જોષી, હસીતભાઈ એસ. પાઠક, કામેનભાઈ શુક્લ, કૌશીકભાઈ સી. શુક્લ, જ્યોતીષ આર. દવે, કીરીટભાઈ આર. દવે, દિપકભાઈ શુક્લ, વંદનભાઈ પુરોહિત પ્રદિતભાઈ જોષી

**ડીરેક્ટરી કમીટી :-**

કન્વિનર શ્રી કનકભાઈ સી. પાઠક દક્ષેશભાઈ પુરોહિત, જીતેન્દ્રભાઈ બી. ઉપાધ્યાય કીરીટભાઈ કે. જોષી, પરિમલ પાઠક, આશીષ ડી. પાઠક, દિપક શુક્લ, રાજેન્દ્રભાઈ દવે પ્રવિણભાઈ વિ. પુરોહિત, ડૉ. કમલેશ જોષી મહેશભાઈ ભટ્ટ

**એજ્યુકેશન કમીટી :-**

કન્વિનર શ્રી પંકજભાઈ એમ. શુક્લ પુષ્પેશભાઈ પાઠક, જયપ્રકાશભાઈ જોષી, જીજ્ઞેશભાઈ પાઠક, જનકભાઈ પાઠક, યોગેશ કે.શુક્લ તરલીકાબેન શુક્લ, હેતલ આર. શુક્લ, દિપક એન. દવે, ડૉ. પ્રિતેશ આર. શુક્લ, હરિપ્રસાદભાઈ જોષી, વિજયભાઈ પુરોહિત, તરૂણભાઈ શુક્લ

**મેડીકલ કમીટી :-**

કન્વિનર શ્રીહરિન્દ્રભાઈ પાઠક, ડૉ. રાહુલભાઈ આર. શુક્લ, ડૉ. શીલીનભાઈ શુક્લ, ડૉ. કેતન ડી. શુક્લ, ડૉ. કમલેશ એસ. શુક્લ, ડૉ. કેતન ડી. શુક્લ, ડૉ. રાજહંસભાઈ દવે, ડૉ. દિવ્યેરા શુક્લ, ડૉ. દિપાબેન કે ભટ્ટ, ડૉ. પ્રકાશભાઈ પાઠક

**લીગલ કમીટી :-**

કન્વીનપ શ્રી મનોજભાઈ ડી. શુક્લ, વિજયભાઈ એન. ઉપાધ્યાય અને શાસ્ત્રી, તેજલ એમ. પંડ્યા

**મહાલક્ષ્મીધામકમીટી :-**

કન્વિનર શ્રી જીગ્નેશભાઈ એસ. પાઠક, કનકભાઈ પાઠક, જયંતભાઈ જોષી, નીતિનભાઈ વી. જોષી, વિજયભાઈ ઉપાધ્યાય, જનકભાઈ પાઠક, યોગેશ કે. શુક્લ, દિલીપભાઈ એન. પાઠક, મનોજ ડી. શુક્લ, ધ્રુવભાઈ શુક્લ, ડૉ. બંસીધર ઉપાધ્યાય.

## ---- : અવસાન નોંધ :----

- પ્રવિણચંદ્ર શિવશંકર પુરોહિત નું તા. ૧૧-૧૧-૨૦૧૫ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે.
- ડુંગરપુર નિવાસી યશવંતરાય જોષી નું તા. ૦૭-૧૧-૨૦૧૫ ના રોજ અવસાન થયેલ છે.
- સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના ઉપપ્રમુખ શ્રી હરિન્દ્રભાઈ પાઠકના પુત્રવધુ શ્રીમતી પરિચિ તપનભાઈ પાઠકનું તા. ૩૦-૧૧-૨૦૧૫ ના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- ગોધરા નિવાસી ચંદ્રકાંન્તભાઈ દવે. (ભાગવત કથાકાર બાબુભાઈ પુરાણી) (સહમંત્રી પુષ્પેશભાઈ પાઠકના મામા) નું અવસાન તા. ૦૪-૧૨-૨૦૧૫ ના રોજ થયેલ છે.
- ખેડા ના વતની ભરતભાઈ નરહરીભાઈ પંડ્યા નું અવસાન તા. ૦૩-૧૧-૨૦૧૫ ના રોજ જામનગર મુકામે થયેલ છે.

Reg. No.: A/3352/Ahmedabad

॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમ: ॥



# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

કાર્યાલય : ૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩, જુની પાઈલોટ ડેરી રોડ, કાંકરિયા, અમદાવાદ.

અનિલ એસ. દવે, પ્રમુખ — કૌશિકભાઈ પાઠક, મંત્રી — કનકભાઈ પાઠક, કન્વીનર

## સમસ્ત શ્રીગૌડ સમાજ ની માહિતી પુસ્તિકા માટે કૌટુમ્બિક માહિતી

| અ.નું નં. | સભ્ય નું નામ | મુખ્ય વ્યક્તિ સાથે સંબધ | બ્લડ ગ્રુપ | પક્ષ | ગૌત્ર | વતન | જન્મ તારીખ | લગ્ન સ્થિતી- પરણિત અપરણિત | અભ્યાસ | ધંધો/ નોકરી | સરનામું કાયમી/પત્ર વ્યવહાર ફોન./ મો. નંબર ઈ-મેઈલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | |

સંપર્ક :- વડોદરા :- કન્વીનર શ્રી કનકભાઈ પાઠક - ૯૬૦૧૦૦૧૧૧૯ અમદાવાદ :- જો સેક્રેટરી શ્રી દક્ષેશભાઈ પુરોહિત - ૯૮૭૯૭૧૦૦૮૯
લુણાવાડા :- શ્રી મહેશભાઈ ભટ્ટ :- ૯૪૨૮૫૫૦૩૬૦ / શ્રી જનકભાઈ પાઠક :- ૯૪૨૭૦૭૭૦૪૩ / તરલીકાબેન શુક્લા :- ૯૪૨૭૬૧૯૫૨૧
શહેરા :- શ્રી જિગ્નેશભાઈ પાઠક :- ૭૫૭૫૦૬૪૮૫૬

મુકેશભાઈ એફ. શર્મા

મો. ૯૪૨૭૦૭૭૦૧૩
૯૯૦૪૩૬૪૬૩૯

# શ્રી ગણેશ ટ્રેડર્સ

● અમારે ત્યા સાગી સાઈઝ ● પંચરાઉ સાઈઝ અને
● પ્લાયવુડ તેમજ હાર્ડવેર મળશે

● દરેક પ્રકારનું લાકડાનું ફર્નીચર
● બારી-બારણનાં ચોકઠા તથા બારણા
વિગેરે બનાવવા માટેનું વિશ્વાપાત્ર સ્થળ

## શ્રી ગણેશ ટ્રેડર્સ

ટેલીફોન એક્સચેન્જ સામે, વરધરી રોડ, લુણાવાડા ૩૮૯૨૩૦
જી. મહીસાગર

**પ્રકાશક અને મુદ્રક :**
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
ભરત એસ. શુક્લ
C/o શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩,
જૂની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.




આજીવન સભ્ય ફી : ૨૦૧/- પતિ-પત્નિ સાથે રૂા. ૩૦૧/-
પરદેશમાં રૂા. ૨૫૦૦/-

બુક પોસ્ટ

પ્રતિ,